દક્ષિણ, ઉત્તર ગુજરાત તેમજ સૌરાષ્ટ્રમાં અતિભારે વરસાદ

ગાંધીનગર,તા.૨૯

ઉત્તર ગુજરાત, દક્ષિણ ગુજરાત, સૌરાષ્ટ્રના જુદા જુદા ભાગોમાં ભારેથી અતિભારે વરસાદ પડવાના કારણે મોટાભાગના વિસ્તારો જળબંબાકાર થઇ ગયા છે. ઉત્તર ગુજરાત અને ખાસ કરીને બનાસકાંઠામાં સૌથી ભારે વરસાદ થયો છે. બનાસકાંઠાના વાવ તાલુકામાં ૧૦ ઇંચ સુધીનો વરસાદ ખાબકી ગયો છે. બીજી બાજુ સુરત, ડાંગ, વલસાડમાં પણ જુદા જુદા વિસ્તારોમાં ભારેથી અતિભારે વરસાદ થતાં જનજીવન ખોરવાઈ ગયું છે. તમામ જગ્યાઓ ઉપર પાણી ભરાઈ ગયા છે. સૌરાષ્ટ્ર અને કચ્છના કેટલાક વિસ્તારમાં પણ છેલ્લા ૨૪ કલાક દરમિયાન વરસાદ થયો છે.

યાત્રાધામ અંબાજીમાં ૭ ઈંચ વરસાદ વચ્ચે લોકો અટવાયા

અતિ ભારે વરસાદના કારણે સમગ્ર અંબાજી પંથક અને તેની આસપાસના વિસ્તારોમાં તેમ જ ખેતરોમાં પાણી ભરાઇ ગયા હતા. અંબાજીમાં અતિ ભારે વરસાદને લઇ બહારગામથી યાત્રાધામમાં દર્શન કરવા આવેલા પ્રવાસીઓ પણ માર્ગોમાં અટવાયા હતા. અંબાજી પંથકમાં આજે વહેલી સવારથી જ અંબાજીનો ગબ્બર ગઢ પણ વાદળોથી ઘેરાયેલો જોવા મળ્યો હતો. તો વરસાદને પગલે ગબ્બરથી ધોવાયેલી માટીથી બેસવાના બાંકડા, કેબિનો માટીમાં ખૂંપી ગઈ હતી. વરસાદને પગલે છેલ્લા દોઢ મહિનાથી ચિંતાતૂર બનેલા ખેડૂતોના જીવમાં જીવ આવ્યો હતો. અંબાજી વિસ્તાર ઢાળ ઢોળાવમાં આવેલો છે. તેથી પાણી રોકાઈ શકે તેવી કોઈ જ વ્યવસ્થા નથી. અંબાજી પંથકમાં પડેલો વરસાદનો પાણી અંબાજી ગબ્બર પાછળ તેલિયા નદીમાં સરી જતું રહેતું હોય છે. ગઇ રાતથી વરસેલા ભારે વરસાદના કારણે તેલિયા નદી પણ બંને કાંઠે થઈ હતી. નદી બે કાંઠે થતાં અને ખીલી ઉઠેલા સૌંદર્યને જોવા લોકો નીકળી પડ્યા હતા. વન વિસ્તારમાં મોસમની મોજ માણતા લોકો જોવા મળ્યા હતા પ્રકૃતિ પ્રેમીઓના મતે તેલિયા નદી ઉપર સરકાર મોટો ડેમ બનાવે તો અંબાજી જ નહીં આસપાસના ગામડાઓમાં પણ પીવાના પાણીની સમસ્યા દૂર થઈ શકે તેમ છે. સાથે જ ડેમને નૌકા વિહાર માટે વિકસાવી શકાય તેમ છે.

બીજી બાજુ છેલ્લા ૨૪ કલાક દરમિયાન વાવમાં ૧૦ ઇંચ સુધીનો વરસાદ નોંધાઈ ગયો છે. રાજ્યના વલસાડ જિલ્લાના કપરાડામાં આજે કલાકોના ગાળામાં જ પાંચ ઇંચ સુધીનો વરસાદ ખાબકી ગયો હતો. ભારે વરસાદના કારણે વલસાડ જિલ્લામાં મધુવન ડેમની સપાટીમાં વધારો થતાં આઠ દરવાજા ખોલવામાં આવ્યા છે. આજે સવારથી જ વલસાડ અને ડાંગ જિલ્લામાં ધોધમાર વરસાદ થઇ રહ્યો છે. વલસાડ જિલ્લાના ધરમપુર ખાતે સાડા ચાર ઇંચથી વધુ વરસાદ થયો છે. પારડીમાં સાડા ત્રણ ઇંચથી વધુ અને વલસાડમાં બે ઇંચ સુધીનો વરસાદ થયો છે. સાપુતારામાં પણ બે ઇંચથી વધુ વરસાદ નોંધાઈ ગયો છે. વલસાડમાં એનડીઆરએફની ટીમો તૈનાત કરવામાં આવી છે. ઓલપાડમાં પણ એનડીઆરએફની ટીમ તૈનાત છે. છેલ્લા ૨૪ કલાકમાં આંકડાની વાત કરવામાં આવે તો તમામ જગ્યાઓએ ઉલ્લેખનીયરીતે વરસાદ થયો છે. રાજ્યભરમાં સાર્વત્રિક વરસાદી માહોલ રહ્યો છે. કુલ ૧૯૮ તાલુકામાં ઉલ્લેખનીય વરસાદ થયો છે જે પૈકી ૬૩ તાલુકાઓમાં એક ઇંચ, ૨૧ તાલુકાઓમાં બે ઇંચ જ્યારે ૧૧ તાલુકાઓમાં ત્રણ ઇંચ સુધીનો વરસાદ નોંધાયો છે. ચોટીલા, રાજકોટ, ભરુચ સહિતના વિસ્તારોમાં ભારે વરસાદ થયો છે.

બનાસ નદી ફરી બે કાંઠે વહેતી થઈ...

રાજસ્થાનના અબુરોડ, અંબાજી અને ઉપરવાસના ડુંગરાળ વિસ્તારમાં ભારે વરસાદને પગલે બનાસકાંઠાની જીવાદોરી સમાન બનાસ નદી અમીરગઢ નજીક ફરી એકવાર બંને કાંઠે વહેતી થઈ છે. બનાસકાંઠા જિલ્લામાં આ વર્ષે પણ નહિવત વરસાદ થયો છે મહિના અગાઉ રાજસ્થાનમાં વરસાદ થતાં રાજસ્થાનની પહાડીઓમાંથી નીકળતી બનાસ નદીમાં નવા નીર આવ્યા હતા પરંતુ એ પછી રાજસ્થાનમાંથી પણ વરસાદ ગાયબ થઈ ગયો હતો. લાંબ અને અસહ્ય વિરામ બાદ સર્જાયેલી સિસ્ટમના પગલે ગત રવિવારની રાતે બનાસકાંઠા સહિત ગુજરાત અને રાજસ્થાનમાં પણ વરસાદ ખાબક્યો છે જેથી ઉપરવાસમાં ભારે વરસાદના કારણે બનાસ નદી ફરી એકવાર બંને કાંઠે વહેતી થઈ છે વહેતી નદીને નિહાળવા અમીરગઢ નજીક સહેલાણીઓ ઉમટી પડ્યા હતા બેય કાંઠે નદી વહેતી થતા ભૂગર્ભ જળ ઉચકાવાની આશાએ ખેડૂતોએ નદીના વધામણાં કર્યા હતા સૂકીભઠ નદી સજીવન થતા બનાસવાસીઓના મન મયુર બની નાચી ઉઠ્યાં છે અને તેમને ઊંડે ઊંડે દાંતીવાડા ડેમ ભરાવાની આશા બંધાઈ છે.

તાપીના કિનારાના ગામડાને એલર્ટ પર : તંત્ર પણ સાબદુ

ગુજરાત રાજયના અડીને આવેલા મહારાષ્ટ્રનાં જળગાંવ જિલ્લાનાં હથનૂર ડેમ વિસ્તારમાં ૨૪ કલાકમાં ૪૭૨ મીમી વરસાદ ખાબક્યો હતો. જેના કારણે હથનૂર ડેમ ઓવરફ્લો થઈ ગયો હતો. પરિણામે આજે હથનૂર ડેમના તમામ કુલ ૪૧ દરવાજા ખોલી દેવામાં આવ્યાં હતા. જેથી ડેમમાંથી પ્રતિ સેકંડ ૪ હજાર ૮૩૯ ક્યુસેક પાણી છોડવામાં આવતાં તાપી નદી કિનારે આવેલા મહારાષ્ટ્રનાં જળગાવ, ધુલિયા, નંદુરબાર, ગુજરાત રાજયના તાપી, સુરત ગામના લોકોને એલર્ટ પર રાખી દેવામાં આવ્યાં છે. હથનૂર ડેમમાંથી સતત પાણી છોડાઇ રહ્યું છે, જે ઉકાઈ ડેમમાં આવશે ત્યારે પરિસ્થિતિ જોખમાય નહી તેની અગમચેતીરૂપે તંત્ર દ્વારા અત્યારથી જ ભારે સતર્કતા દાખવવામાં આવી રહી છે. હથનૂર ડેમના અધિકારી કર્મચારીઓ ડેમ વિસ્તારમાં ચાંપતો બંદોબસ્ત ગોઠવી દેવાયો છે. અલબત્ત, હથનૂર ડેમનું પાણી હજુ એટલુ બધુ ઉકાઈ ડેમમાં આવ્યું નથી. પરંતુ ઉકાઈ ડેમના કેચમેન્ટ વિસ્તારમાં ભારે વરસાદના પગલે ડેમની સપાટી વધીને ૨૮૨.૪૩ ફૂટ પર પહોંચી છે. હાલ ડેમમાં પાણીની આવક ૧૨,૭૬૩ ક્યૂસેક અને જાવક ૬૦૦ ક્યૂસેક છે.

વડગામ તાલુકાની ૨૭ પ્રાથમિક શાળાઓ મર્જ કરવાની હીલચાલથી વાલીઓમાં રોષ

તાલુકામાં એક કિલોમીટર સુધીમાં આવેલી અને ૧૦૦થી ઓછી સંખ્યા ધરાવતી શાળાઓ મર્જ કરાશે : વડગામના બાવલચૂડી રાજપુર પ્રાથમિક શાળાને મર્જ ન કરવા ગ્રામજનો તાલુકા પંચાયત દોડી આવ્યા

વડગામ, વડગામ તાલુકાના બાવલચૂડી ના પરા વિસ્તાર તરીકે આવેલા રાજપુરમાં આં આવેલી પ્રા.શાળા સરકાર દ્વારા મર્જ કરીને આ શાળાને બાવલચુડીમાં ભેળવી દઈને શાળા ને બંધ કરવાની હીલચાલ ને લઇ ને ગ્રામજનો લાલઘૂમ થઈ ઉઠ્યા છે લોકો વડગામ દોડી આવીને ટીડીઓ અને તા.શિક્ષણાધિકારીને બંધ ન કરવા લેખિત માંરજૂઆત કરાઈ હતી.

આ શાળામાં અતિ પાછાત વિચરતી વિમુક્ત જાતીના બાળકો વધારે છે જ્યારે આ શાળા ચાલુ કરાઈ ત્યારે માત્ર ૩૫ થી ૪૦ વિધાર્થીઓ જ ભણવા આવતા હતા અત્યારે શાળા માં ૯૪ વિધાર્થીઓ ભણવા આવતા હોવા છતાં શાળાને મર્જ કરીને તાળા મારવાની હીલચાલ થી ગ્રામજનો આ માં રોષ પ્રગટ થઈ રહ્યોછે શાળા માં ૬ બાળકોની ઘટ હોવાથી શાળાને જ બંધ ન કરવા ગ્રામજનો દ્વારા આજીજી કરાઈ છે શાળા માં મહેક પ્રમાણે ૧૦૦ બાળકો પૂર્ણ કરવાની પણ બાંહેધરી ગ્રામજનો દ્વારા આપવામાં રહી છે અને શાળા ચાલુ રાખવા વડગામ ટીડીઓ અને તાલુકા શિક્ષણાધિકારી ને રજૂઆત કરવામાં આવી છે.

હિંમતનગરના કેનાલ ફ્રન્ટ નજીક ગાબડુ પડતા નગરપાલિકાનું તંત્ર દોડતુ થયું

હિંમતનગર, તા. ૨૯

હિંમતનગર અને સાબરકાંઠા જિલ્લાના નજરાણા સમાન કેનાલ ફ્રન્ટ નજીક છાપરીયા ચાર રસ્તા પર રવિવારે રાત્રે પડેલા વરસાદને લીધે મોટુ ગાબડુ પડી જતા કેનાલફ્રન્ટના બાંધકામની પોલ ખુલી ગઈ છે. જોકે પાલિકાએ આ પોલને ઢાંકવા માટે સોમવારે તાબડતોબ સમારકામ કરવાનું શરૂ કરી દીધુ. આ અંગેની વિગત એવી છે કે રવિવારે રાત્રે હિંમતનગર અને આસપાસના વિસ્તારોમાં જોરદાર વરસાદ પડતાની સાથે ઠેરઠેર પાણી વહેવવા માંડ્યા હતા. તો બીજી તરફ નગરપાલિકાએ શહેરના મહાવીરનગર વિસ્તારના કેટલાક ગટરલાઈનના જોડાણ રેહમ નજરથી કેનાલમાં જોડી દીધા હોવાને કારણે ચોમાસામાં સામાન્ય વરસાદ થાય તો પણ હાથમતી કેનાલમાં પાણી વહેવા માંડે છે.

દરમ્યાન રાત્રે પડેલા વરસાદને લીધે કેનાલફ્રન્ટ નજીક છાપરીયા ચાર રસ્તા પાસે વરસાદી પાણી પડતા કેટલેક ઠેકાણે જમીન પોચી પડી ગઈ હતી અને તેમાં પાણી જતા જોતજોતામાં મોટો ભુવો પડી ગયો હતો. જોકે રાત્રે આ અંગે લોકોને ખબર પણ પડી ન હતી. તેમ છતાં સોમવારે સવારે આ વિસ્તારમાં લોકોને ખબર પડતા નગરપાલિકાએ આપેલા રસ્તાના બાંધકામના ઈજારદારની પોલ છાપરે ચઢીને પોકારતી હોય તેમ કેનાલફ્રન્ટનું મોટુ ગાબડુ લોકોને ઉડીને આંખે વળગ્યું હતું.

દરમ્યાન આ અંગે નગરપાલિકાના સત્તાધીશોને ખબર પડતા સોમવારે સવારથી જ ગાબડાનુ સમારકામ શર કરી દેવામાં આવ્યું હતું અને પાલિકાના સલંગ્ન વિભાગના કર્મચારીઓની હાજરીમાં ટ્રેક્ટર અને જેસીબીની મદદથી અન્ય સ્થળેથી માટી લાવી પુરાણનું કામ યુદ્ધના ધોરણે શરૂ કરી દેવાયું હતું. જેના લીધે અહીંથી પસાર થતા વાહનચાલકોને ડાયવર્ઝનનું સહારો લેવો પડ્યો હતો.

હિંમતનગરમાં પોણા ત્રણ, પોશીનામાં દોઢ અને ઈડરમાં એક ઇંચ વરસાદ

સાબરકાંઠા જિલ્લામાં છેલ્લા પાંચેક દિવસથી વાતાવરણમાં આવેલા પલ્ટા બાદ રવિવારે રાત્રે હિંમતનગર, પોશીના અને ઈડરમાં વરસાદની ધમાકેદાર એન્ટ્રી થતા વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ હતી. હિંમતનગરમાં સવા કલાકમાં પોણા ત્રણ ઇંચ જ્યારે પોશીના અને ઈડરમાં સરેરાશ એકથી દોઢ ઇંચ વરસાદ થતા મુરઝાઈ રહેલા પાકને જીવનદાન મળી ગયું છે.

બાયડ પોલીસ સ્ટેશનથી ૭૦૦ મીટર દૂર

એસબીઆઈનું એટીએમ ગેસ કટરથી તોડી ૩૨.૮૧ લાખ રોકડ રકમની લૂંટ

અરવલ્લી જીલ્લામાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ કથળી રહી છે ખાખી વર્દી ચોર લૂંટારુ ગેંગ સામે લાચાર બની હોય તેવા દ્રશ્યો ઠેર ઠેર જોવા મળી રહ્યા છે બાયડ પોલીસ સ્ટેશનથી માંડ ૫૦૦ થી ૭૦૦ મીટર દૂર નંદ કોમ્પ્લેક્ષમાં આવેલા સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયાના એટીએમને ગેસ કટરથી કે અન્ય સાધન વડે મોડી રાત્રે તસ્કરોએ એટીએમ તોડી ૩૨.૮૧ લાખ રૂપિયા રોકડા અને એટીએમનો કિંમતી સમાન મળી કુલ રૂપિયા ૩૫૮૧૪૦૦/-ની મત્તા લઈ ફરાર થઈ ગયા હતા. લાખ્ખો રૂપિયા ભરેલ એસબીઆઈ એટીએમ ચોકીદાર વિહોણું હોવાનું લોકમુખે ચર્ચાઈ રહ્યું છે જીલ્લામાં અનેક એટીએમ સિક્યુરિટી ગાર્ડ વગર નધણિયાત હાલતમાં છે.

બાયડ નંદ કોમ્પ્લેક્ષમાં આવેલા એસબીઆઈ ના એટીએમમાં રવિવારે રાત્રે તસ્કરોએ એટીએમ મશીનમાં રૂપિયા રાખવાનું બોક્સ ની લૂંટ થઈ હોવાની જાણ બેંકના મેનેજર અને બાયડ પોલીસને થતા ઘટનાસ્થળે દોડી પહોંચ્યા હતા લોકોના ટોળેટોળા પણ ઘટનાસ્થળે ઉમટ્યા હતા એટીએમ મશીનમાં લૂંટ કરતા પહેલા તસ્કરોએ એટીએમ રૂમના સીસીટીવી કેમેરાના વાયર કાપી નાખતા પોલીસે આજુબાજુના સીસીટીવીના આધારે એટીએમ તોડનાર ગેંગને શોધવા કામે લાગી હતી.

બાયડ-મોડાસા રોડ પર ગાબટ ગામ તરફ જતા અને પોલીસસ્ટેશનની નજીક આવેલા નંદ કોમ્પ્લેક્ષ રોડ પર હોવાથી સતત લોકોની અને વાહનોની અવર-જવર રહેતી હોવાથી સ્ટેટ બેન્ક એટીએમમાં ઘસારો વધુ રહેતો હોય છે. પરંતુ રવિવારે મોડી રાત્રે લૂંટના ઈરાદે આવેલા તસ્કર ટોળકી ગણતરીની મિનિટોમાં એટીએમ તોડી એટીએમમાં રહેલા રૂ. ૩૨૮૧૪૦૦/- ની લૂંટ કરી એટીએમ મશીનની કેસેટ, તથા પ્રેઝન્ટ મોડ્યુલર કીં.રૂ. ૩૦૦૦૦૦/- મળી કુલ રૂ.૩૫ ૮૧૪૦૦/- ની મત્તા લઈ ફરાર થઈ ગઈ હતી. એસબીઆઈના અધિકારીઓને આ અંગેની જાણ થતાં તાત્કાલિક એટીએમ પાસે દોડી આવી પોલીસને જાણ કરી હતી બાયડ પોલીસે નરેન્દ્રસિંહ અર્જુનસિંહ અડોદરિયા (મેનેજર, ટી. એસ. આઈ) ની ફરિયાદના આધારે અજણ્યા શખ્શો વિરુદ્ધ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી.

પોલીસતંત્રના સૂત્રો પાસેથી જાણવા મળ્યા અનુસાર, પ્રાથમિક દ્રષ્ટિએ આ કોઈ પ્રોફેશનલ ગેંગ દ્વારા એટીએમને ગેસ કટરથી તોડી લૂંટ ચલાવવામાં આવી હોઈ શકે છે.

ભિલોડા શહેરમાં તસ્કરોનો પડાવ

ભિલોડા, તા. ૨૯

અરવલ્લી જીલ્લામાં તસ્કર ટોળકી અને ઘરફોડિયા ગેંગે પડાવ નાખ્યો હોય તેમ સતત લૂંટની ઘટનાને અંજામ આપી રહ્યા છે. જીલ્લામાં ચોરીની વ્યાપક ફરિયાદો ઉઠવા પામી છે. જીલ્લામાં બંધ મકાન સલામત ના રહેતું હોવાની ચર્ચા ચાલી રહી છે. જીલ્લામાં વારંવાર ઘરફોડ ચોરી અને વાહનચોરી ઘટના બનતા પ્રજાજનોમાં ચિંતા સાથે ફફડાટ ફેલાયો છે. જીલ્લા પોલીસતંત્રએ બેકાબુ બનેલ તસ્કર ટોળકી અને ઘરફોડિયા ગેંગને ઝડપી પાડવામાં આવે અને નાઈટ પેટ્રોલિંગ સઘન બનાવવા પ્રબળ માંગ ઉઠી છે.

ભિલોડા શહેરની હરિવિલા સોસાયટીમાં બંધ મકાનમાંથી ૪૦ હજારની લૂંટ કરી શ્રીનાથવાડી પાછળ એક બંધ મકાનમાં ધાડ પાડી ૧ લાખ રૂપિયાથી વધુની લૂંટ ચલાવી ફરાર થઈ જતા બંને પરિવારો ઘરે દોડી આવ્યા હતા ભિલોડા પોલીસને ચોરીની ઘટનાની જાણ કરાતા રાબેતા મુજબ તપાસ હાથ ધરી કાયદેસરની કાર્યવાહી કરવા તજવીજ હાથ ધરી હતી.

ભિલોડાની શ્રીનાથ વાડી પાછળ રહેતા મુકેશભાઈ શાહ અને તેમનો પરિવાર સામાજિક કામકાજ અર્થે બહાર જતા ચોર-લૂંટારૂએ તેમના બંધ મકાનનું તાળું નકુચો તોડી ઘરમાં પ્રવેશી તિજોરીમાં રાખેલા ૫૦ હજારથી વધુની રોકડ રકમ અને સોના-ચાંદીના દાગીના સહીત ૧ લાખથી વધુના મુદ્દામાલની લૂંટ ચલાવી શહેરની હરિવિલા સોસાયટીમાં રહેતા વસંતકુમાર પ્રજાપતિના બંધ મકાનમાં પ્રવેશી ૨૦ હજાર રોકડા અને ૨૦ હજારથી વધુની રકમની લૂંટ ચલાવી નાસી છૂટ્યા હતા. આજુબાજુમાં રહેતા લોકોએ તેમના બંધ મકાનમાં ચોરી થઈ હોવાનું જણાવતા બંને ઘર માલીક તાબડતોડ ઘરે દોડી આવ્યા હતા. ઘરમાં રહેલ તિજોરી અને કબાટમાં રાખેલા રૂપિયા અને સોના-ચાંદીના દાગીનાની લૂંટ થતા ભિલોડા પોલીસને જાણ કરતાં ભિલોડા પોલીસ ઘટનાસ્થળે દોડી આવી હતી તપાસ હાથ ધરી હતી. ભિલોડા શહેરમાં અને તાલુકામાં પોલીસતંત્ર દ્વારા નાઈટ પેટ્રોલિંગ સઘન બનાવવામાં આવેની માંગ લોકોમાં પ્રબળ બની છે.

બાયડ ક્ષત્રિય-ઠાકોર સમાજ નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ સામે ભારે રોષ

વિધાનસભામાં તાજેતરમાં ગીરમાં સિંહોના મોત મામલે થયેલ ચર્ચામાં કોંગ્રેસના ધારાસભ્યોએ આક્ષેપ કરતા જવાબમાં નાયબ મુખ્યમંત્રીએ અમારે ત્યાં સિંહોને રક્ષણ મળે છે કહી તેમના મંત્રીઓ અને ધારાસભ્યના નામ લીધા પછી હવે તો ઠાકોરોની પણ સંખ્યા વધી હોવાનું જણાવતા કોંગ્રેસના ધારાસભ્ય બળદેવસિંહ ઠાકોરે કોમેન્ટ કરી કે અમે તો ઠાકોરને સીએમ બનાવ્યા હતા ત્યારે નીતિન પટેલે માધવસિંહ ક્ષત્રિય છે અને માધવસિંહ અને ભરતસિંહને કહો કે જાહેર કરે કે તેઓ ઠાકોર છે કે ક્ષત્રિય.!! ક્ષત્રિય-ઠાકોર સમાજ અને સેનાના નામે કોંગ્રેસમાંથી ધારાસભ્ય બનેલા અને રાજ્યસભા સાંસદની ચૂંટણી પછી ભાજપમાં જોડાયેલા અલ્પેશ ઠાકોર અને ધવલસિંહ ઝાલાએ નાયબ મુખ્યમંત્રીના ક્ષત્રિય-ઠાકોરના વિવાદિત નિવેદન પછી ચુપકીદી સાધી લેતા સમાજમાં બંને ધારાસભ્યો સામે રોષ પ્રવર્તી રહ્યો છે ક્ષત્રિય-ઠાકોર સેનાના કાર્યકરોમાં પણ છૂપો રોષ પ્રવર્તી રહ્યો છે.

નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલના વિવાદિત નિવેદન કરતા ઉત્તર ગુજરાતમાં ક્ષત્રિય-ઠાકોર સમાજમાં નીતિન પટેલ સામે ભારે રોષ પ્રવર્તી રહ્યો છે. સોશ્યલ મીડિયામાં પણ ક્ષત્રિય-ઠાકોર સેનાએ રોષ ઠાલવ્યા પછી અરવલ્લી જીલ્લાના બાયડ તાલુકાના ક્ષત્રિય-ઠાકોર સમાજના અગ્રણીઓ અને યુવાનોએ બાયડ પ્રાંત અધિકારીને આવેદનપત્ર આપી રોષ ઠાલવ્યો હતો. અનુસાર નીતિન પટેલની રાજીનામાની માંગ કરી ગુજરાતમાં ક્યાંય પણ પ્રવેશબંધીની જાહેરાત કરી હતી. નીતિન પટેલે હંમેશા ઠાકોર સમાજ વિરુદ્ધ ઝેર ઓક્યું છે અને તેમની હલકી ગુણવત્તાવાળી માનસિકતા પ્રજાજનો સામે છતી થઈ હોવાનું જણાવ્યું હતું.

ભાજપા સદસ્ય નોંધણીમાં સાબરકાંઠા જીલ્લો રાજયમાં અગ્રીમ રહેશે

ભારતીય જનતા પાર્ટી દ્વારા સમગ્ર રાષ્ટ્રમાં પક્ષની વિચારધારા સાથે લોકોને જાડી નવા સભ્યો બનાવવામાં આવે છે. જેમાં પ્રદેશ ભાજપા દ્વારા દરેક જીલ્લાને નવા સભ્યો નોંધવા લક્ષાંક આપવામાં આવેલ છે. જે પ્રમાણે સાબરકાંઠા જીલ્લામાં પણ આજસુધી જે સભ્યો નોંધવામાં આવ્યા છે જેમાં રાજયમાં અગ્રીમ હરોડમાં જીલ્લો નોંધાયો છે. જીલ્લા ભાજપ પ્રમુખ જે.ડી.પટેલ ના નેતૃત્વમાં સમગ્ર સંગઠનની ટીમ તેમજ તમામ ચુંટાયેલા પદાધિકારીઓ, યુવા મોરર્ચો, મહિલા મોરર્ચો, બક્ષીપંચ મોરર્ચો, સાથે તમામ મોરર્ચા, સહકારી ક્ષેત્રના આગેવાનો સહિત તમામ ટીમ સભ્યો નોંધવાની કામગીરીમાં જાડાયા છે. આ અંગે વધુ વિગત આપતા જીલ્લા સભ્યનોંધણી ઈન્ચાર્જ વિજયભાઈ પંડ્યાએ જણાવેલ કે, હાલ સાબરકાંઠા જીલ્લામાં તમામ ૧૪ મંડલો સાથે જીલ્લાના દરેક શક્તિ કેન્દ્રો ઉપર દરેક કાર્યકરોને જવાબદારી આપવામાં આવી છે. જે શક્તિ કેન્દ્રો દ્વારા બુથ સુધી કાર્યકર્તા શહેરી વિસ્તારમાં તમામ વોર્ડ અને ગ્રામ્ય વિસ્તારમાં તમામ ગામોને આવરી લેવામાં આવ્યા છે.

વિશ્વાસ મત... ●

પહેલા પાનાનું ચાલુ

હાંસલ કરવા માટે ૧૦૫ મતની જરૂર હતી. અપક્ષ ધારાસભ્ય નાગેશનો ટેકો પણ ભાજપને મળ્યો હતો. વિશ્વાસમતને લઈને જાહેરાત કરવામાં આવ્યા બાદ વિધાનસભામાં પુરક બજેટ સાથે ત્રણ મહિનાના ગાળા માટે ફાઈનાન્સ બિલ વિધાનસભામાં પસાર કરવામાં આવ્યું હતું. સ્પીકર કેઆર રમેશની ભૂમિકા છેલ્લા કેટલાક દિવસથી ખુબ ચર્ચાસ્પદ જોવા મળી રહી છે. એન્ટી ક્લાઈમેક્સમાં ત્રણ દિવસનો ગાળો રહ્યો હતો. ભૂતપૂર્વ મુખઅયમંત્રી એચડી કુમારસ્વામીએ મતોના વિભાજનની માંગ કરીને રજૂઆત કરી હતી. યેદીયુરપ્પાને વિશ્વાસમત મેળવ્યો ત્યારબાદ કોંગ્રેસ-જેડીએસના સંયુક્ત વિપક્ષના સભ્યો પુરતી સંખ્યામાં દેખાયા ન હતા. ગૃહમાં વિશ્વાસમત મેળવવા માટેની દરખાસ્ત રજૂ કરતા યેદીયુરપ્પાએ તેમના વલણનો પુનરોચ્ચાર કર્યો હતો અને વિપક્ષને ખાતરી આપી હતી કે, તેઓ દ્વેષભાવની રાજનીતિમાં વિશ્વાસ રાખતા નથી. રાજનીતિમાં દ્વેષભાવની રાજનીતિ સાથે આગળ વધવામાં તેઓ વિશ્વાસ રાખતા નથી. યેદીયુરપ્પાએ રાજયના વહીવટીતંત્રને ફરી પાટા ઉપર લાવવા તેમની પ્રાથમિકતા રજૂ કરી હતી. તેમણે દાવો કર્યો હતો કે, છેલ્લા ૧૪ મહિનાના ગાળામાં વહીવટીતંત્ર ભાંગી પડ્યું છે. આ અંગે પ્રતિક્રિયા આપતા સિદ્ધારમૈયા અને પૂર્વ મુખ્યમંત્રી કુમારસ્વામીએ કહ્યું હતું કે, આ પ્રકારના આક્ષેપો બિલકુલ આધાર વગરના છે. બંને નેતાઓએ યેદીયુરપ્પાને આરોપો પુરવાર કરવા માટે પડકાર ફેંક્યો હતો.

સિદ્ધારમૈયાએ એમ પણ કહ્યું હતું કે, મુખ્યમંત્રી દ્વારા રજૂ કરવામાં આવેલા વિશ્વાસમતને તેઓ ગંભીરરીતે વખોડી કાઢે છે. કારણ કે, ભાજપ સરકાર ગેરબંધારણીય અને બિનલોકશાહી સ્વરુપમાં રહેલી છે. વિપક્ષી કોંગ્રેસના નેતાએ કહ્યું હતું કે, યેદીયુરપ્પા લોકોના વિશ્વાસ સાથે સત્તા પર આવ્યા નથી. ૨૦૦૮માં પણ યેદીયુરપ્પા મુખ્યમંત્રી બન્યા હતા પરંતુ તેમની પાસે સભ્યો ન હતા.

ત્રિપલ તલાક... ●

પહેલા પાનાનું ચાલુ

ગઠબંધનને રાજ્યસભામાં ૧૧૩ સભ્યોનો ટેકો છે. રાજકીય પંડિતો માને છે કે જો તેને બીજેડીના સાત અને ટીઆરએસના છ સભ્યોનો ટેકો મળી જશે તો બિલને સરળ રીતે પાસ કરી દેવામાં આવનાર છે. લોકસભામાં ૨૫મી જુલાઈના દિવસે લાંબી ચર્ચા બાદ ત્રિપલ તલાક બિલને પાસ કરી દેવામાં આવ્યું હતું. લોકસભામાં ત્રીજી વખત ત્રિપલ તલાક બિલ પાસ કરવામાં આવ્યું હતુ. અગાઉ બે વખત રાજ્યસભામાં આ બિલ અટવાઈ પડ્યું હતું અને આગળ વધી શક્યું ન હતી. આ વખતે સરકાર આશાવાદી છે. બિલમાં સુધારા માટે લાવવામાં આવેલા વિપક્ષી સાંસદોના પ્રસ્તાવ પડી ગયા હતા. આ બિલ ધ્વનિમતથી પાસ થયું હતું. વર્તમાન સત્રને ૭મી ઓગસ્ટ સુધી વધારી દેવામાં આવ્યું છે. લોકસભામાં સુધારા અને બિલ પર વોટિંગ દરમિયાન કોંગ્રેસના સાંસદોએ વોકઆઉટ કર્યો હતો. ઓગસ્ટ ૨૦૧૭માં ત્રિપલ તલાકને સુપ્રીમ કોર્ટે ગેરબંધારણીય ગણાવ્યો હતો. મોદી સરકારની પ્રથમ અવધિમાં બે વખત આ બિલને મંજુરી મળી હતી પરંતુ રાજ્યસભામાં બિલ અટવાયું હતું. ત્રિપલ તલાક બિલમાં અનેક જટિલ જોગવાઈ રહેલી છે. ૨૮મી ડિસેમ્બર ૨૦૧૭ના દિવસે લોકસભામાં ત્રિપલ તલાક બિલ પાસ કરવામાં આવ્યું હતું પરંતુ રાજ્યસભામાં આ મામલો અટવાઈ પડ્યો હતો. ત્યારબાદ ૨૭મી ડિસેમ્બર ૨૦૧૮ના દિવસે પણ લોકસભામાં ત્રિપલ તલાક બિલ પાસ કરી દેવામાં આવ્યું હતું પરંતુ તે વખતે પણ આ બિલ રાજ્યસભામાં અટવાઈ પડ્યું હતું. આ વખતે સરકાર બિલને પસાર કરવા માટે વધુ ગંભીરતા સાથે પ્રયાસ કરનાર છે. હાલમાં લોકસભાની ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીએ જોરદાર દેખાવ કરીને રેકોર્ડ જીત મેળવી હતી. સતત બીજી વખત મોદીના નેતૃત્વમાં ભાજપે બહુમતિ હાંસલ કરી હતી. ભાજપને એકલા હાથે ૩૦૩ સીટો મળી હતી.

વસતીનો અંદાજ...

● છેલ્લા પાનાનું ચાલુ

હતી. પરંતુ સાડા પાંચ દાયકાના સમયના અંતે સેકટરનો વિસ્તાર તો યથાવત રહ્યો છે. પણ સેકટર મુજબ નિયત કરાયેલી વસતીનુ પ્રમાણ અનેકગણુ વધી ગયુ છે.

૭ હજારના આયોજન મુજબ તૈયાર થયેલા સેકટરમાં ૧૭ હજારની વસતીનો સમાવેશ થાય ત્યારે સ્વાભાવિક જ ટ્રાફિક વાહન વ્યવહાર રસ્તા પાણી, ગટર વીજળી સુરક્ષા દવાખાના બગીચા સહીતની નાગરિકોને સ્પર્શથી બાબતો પણ કોરાણે મુકાઈ ગઈ હોય તેવી સ્થિતિ છે. પ્રદુષણનો આંક ૧૨૧ પર પહોંચી ગયોછે. જયારે નગરની સુંદરતા પણ દિવસે દિવસે ઘટતી જાય છે. સ્માર્ટ સીટીના વિસ્તૃત અર્થમાં શહેરનો દેખાવ પણ સ્માર્ટ હોય તે અનિવાર્ય છે. હાઈટેક બનતા ગાંધીનગરમાં હરિયાળી સામે પણ ખતરો મંડરાયો છે. ત્યારે નગરના બુધ્ધિજીવીઓ , સામાજિક સેવકો, અધિકારીઓએ પણ નગરને સાચા અર્થમાં સ્માર્ટ બનાવવામાં અવરોધરૂપ થતા પરિબળોને ડામવા કામે લાગવુ પડશે તેમ પણ તેમણે જણાંવ્યુ હતુ.